પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૯૩ | ૧૨ જુન, ૨૦૨૩, સોમવાર; જેઠ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

‘બિપરજોય’ ૧૫મીએ ગુજરાત સાથે ટકરાશે

૨૫ વર્ષ બાદ ફરી કચ્છમાં વાવાઝોડું ત્રાટકશે : પવનની ગતિ ૧૨૫થી ૧૩૫ કિલોમીટર પ્રતિકલાક રહેવાની આગાહી કરાઈ કચ્છ, દ્વારકા અને જામનગરમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે

ગાંધીનગર, તા.૧૧

૧૫ તારીખે બપોરે ૧૧થી ૩ વાગ્યા વચ્ચે ગુજરાત સાથે બિપરજોય વાવાઝોડુ ટકરાશે. પોરબંદર, ઓખા, બેટ દ્વારકા અને કચ્છમાં આ વાવાઝોડાની તીવ્ર અસર જોવા મળશે. વાવાઝોડાની સચોટ દિશા હાલ નક્કી કરવી અસંભવ છે. કારણ કે, હજુ પણ વાવાઝોડાની દિશા બદલાઈ શકે છે. જો આવું થયુ તો ગુજરાત માટે રાહત સમાચાર બની રહેશે. પરંતુ હાલ વાવાઝોડુ ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. વાવાઝોડું ૧૫ તારીખે બપોરે દરિયાકાંઠે ટકરાવવાનું અનુમાન છે. તેની ગતિ ૧૨૫થી ૧૩૫ કિમી પ્રતિ કલાકની રહેશે. જ્યારે તે ટકરાશે ત્યારે તેની ગતિ ૧૫૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેવાની સંભાવના છે. પરંતુ આ વાવાઝોડુ કચ્છને વધુ અસર કરે તેવી શક્યતા છે.



અસંભવ છે. કારણ કે, હજુ પણ વાવાઝોડાની દિશા બદલાઈ શકે છે. જો આવું થયુ તો ગુજરાત માટે રાહત સમાચાર બની રહેશે. પરંતુ હાલ વાવાઝોડુ ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. વાવાઝોડું ૧૫ તારીખે બપોરે દરિયાકાંઠે ટકરાવવાનું અનુમાન છે. તેની ગતિ

૧૯૯૮ બાદ ફરી એક વાર કચ્છ પર વાવાઝોડાનો ખતરો મંડરાયો છે. ૨૫ વર્ષ બાદ કચ્છ



પર બિપોરજોયને લઈને ખતરો મંડરાઈ રહ્યો છે. ૯ જુન ૧૯૯૮ ના રોજ કંડલામાં વાવાઝોડું ત્રાટક્યુ હતું. જે એકસ્ટ્રીમ સિવિયર સાયક્લોન સ્વરૂપે ટકરાયું હતું. અનેક લોકોના આ વાવાઝોડામાં મોત હતા. તો કચ્છની અબજોની સંપત્તિને નિકસાન થયુ હતું. તે સમયે વીજળીના ૪૦ હજારથી વધારે થાંભલા ધરાશાયી થયા હતા. મોટી સંખ્યાના ટ્રાન્સફોર્મર ક્ષતિગ્રસ્ત થતાં લાંબા સમય સુધી વિજપુરવઠો ખોરવાયો હતો. તે સમયે કંડલા પોર્ટને કરોડોનું નુકસાન થયું હતું. તો મીઠા ઉદ્યોગની નુકસાનીનો અંદાજ ૧૫૦ કરોડ કરતાં વધારેનો હતો. ઓઈલ કાર્ગો, કેઈન, આગબોટ, વે-બ્રીજ બાર્જીસ ઉપરાંત હજારો ટન ઘઉં, સેંકડો ટન ખાંડ, ૧૧૦૦૦ કરતાં વધારે ટન તેલીબિયા નષ્ટ થયા હતા. કચ્છના બાગાયતી પાકને મોટાપાયે નુકસાન થયુ હતુ. ભચાઉના કાંઠાળ વિસ્તારમાં અનેક ઊંટ મૃત્યુ પામ્યા હતા. પાટા ધોવાઈ જવાથી રેલવે અને ઈફકોને મોટું નુકસાની થઈ હતી. ફરી વાર વર્ષ ૧૯૯૮નું પુનરાવર્તન થવાનો ડર કચ્છવાસીઓને સતાવી રહ્યો છે.

રાહત કમિશનર અશોક પાંડેએ વાવાઝોડાની માહિતી આપતા જણાવ્યું કે, ૧૪ અને ૧૫ તારીખે કચ્છની આસપાસ વાવાઝોડાની વધારે અસર રહેશે. કચ્છ અને કરાંચી વચ્ચે બિપોરજોય ટકરાવાની શક્યતા સૌથી વધુ છે. વાવાઝોડા દરમિયન કચ્છ, જામનગર, મોરબી, દ્વારકા અને ગીરસોમનાથમાં ભારે અસર થશે. અને જો વાવાઝોડું વધારે ઉપર જાય તો બનાસકાંઠા અને પાટણને પણ અસર કરી શકે છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્ય ના દરિયાઈ વિસ્તાર ના જિલ્લાઓ માં સંભવિત બીપ્રોજોય વાવાઝોડા ની અસર સામે જિલ્લા તંત્રએ કરેલા આગોતરા આયોજન અને આપત્તિ વ્યવસ્થાપન કામોમાં માર્ગદર્શન માટે રાજ્ય મંત્રી મંડળના વરિષ્ઠ મંત્રીઓને આ જિલ્લાઓની જવાબદારી સોંપી છે. તદનુસાર, કચ્છ જિલ્લામાં મંત્રી ઋષિકેશ પટેલ, મોરબીમાં કનુભાઈ દેસાઈ,

● અનુસંધાન પાન-૭ પર

બિપોરજોયના મહાસંકટને ટક્કર આપવા દેશના રક્ષકો અડીખમ

ભારતીય કોસ્ટગાર્ડના જવાનો સુસજ્જ : સૌરાષ્ટ્રમાં NDRFની ટીમો તહેનાત કરી દેવામાં આવી

અમદાવાદ, તા.૧૧

સાડા છો કરોડ ગુજરાતીઓને જે ન્હોતું જોઈતું એ જ હાલ સમુદ્ર દેવ ઈચ્છી રહ્યા છે. ખૂબ ડરામણું અને ખૂબ આક્રામક રૂપ ધારણ કરી બિપોરજોય વાવાઝોડું ગુજરાતમાં તબાહી મચાવવા આતૂર હોય તેમ હાલ દરિયાકાંઠે ફૂંફાળા મારી રહ્યું છે. ગુજરાતના અનેક દરિયાકાંઠાના જિલ્લા સહિત ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં બિપોરજોય ચક્રવાતના કારણે તબાહી માચી શકે છે.

હવામાન વિભાગ દ્વારા વાવાઝોડાનો જે ટ્રેક જાહેર કરવામાં આવ્યો છે તેમાં પણ સ્પષ્ટપણે જોવા મળ્યું છે કે ચક્રવાત ગુજરાત સાથે જ ટકરાશે. ત્યારે હવામાન વિભાગની સૌથી મોટી આગાહીના પગલે કદાચ એવું કહી શકાય કે, તાઉતે વાવાઝોડાના ઘા બિપોરજોય વાવાઝોડું તાજા કરી શકે છે. જોકે બિપોરજોય વાવાઝોડાની વિકટ પરિસ્થિતિ પહેલા જ દેશના રક્ષકો અડીખમ ઉભા થઈ થઈ ગયા છે. તો બીજી તરફ માછીમારોમાં પણ ભારે ભયનો માહોલ છે. માછીમારોને પાછા બોલાવી લેવામાં આવ્યા છે અને મોટાભાગના માછીમારો પોતાના ઘરે પરત પણ ફરી ગયા છે.

બિપોરજોય વાવાઝોડાને ટક્કર આપવા આપણા રક્ષકો તૈયાર થઈ ગયા છે. સાથે જ ભારતીય

● અનુસંધાન પાન-૭ પર

દેવભૂમિ દ્વારકામાં રેડ એલર્ટ

૧૧૦૦થી વધુ લોકોનું સ્થળાંતર : તમામ સ્કૂલોમાં ૨ દિવસની રજા જાહેર : બિપોરજોય વાવાઝોડાના પગલે દેવભૂમિ દ્વારકામાં ૧૨૫થી ૧૩૫ કિ.મી.ની ઝડપથી પવન ફૂંકાઈ શકે છે

દ્વારકા, તા.૧૧

ગુજરાતમાં બિપોરજોય વાવાઝોડાના પગલે દેવભૂમિ દ્વારકામાં વહીવટી તંત્ર એલર્ટ બન્યું છે. વાવાઝાડોની આગાહી વચ્ચે દ્વારકા જિલ્લાને રેડ એલર્ટ જાહેર કરાયું છે. હાલ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. જેમાં દ્વારકા જિલ્લાની તમામ સ્કૂલોમાં ૨ દિવસની રજા જાહેર કરાઈ છે. ૧૫ જૂને દેવભૂમિ દ્વારકામાં અતિભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. જેને લઈ તમામ સ્કૂલોમાં ૨ દિવસની રજા જાહેર કરાઈ છે.

બિપોરજોય વાવાઝોડાના પગલે દેવભૂમિ દ્વારકામાં ૧૨૫થી ૧૩૫ કિ.મી.ની ઝડપથી પવન ફૂંકાઈ શકે છે. તેમજ દરિયામાં ૨૫થી ૩૦ ફૂટ ઊંચા મોજા ઉછળી શકે છે. હવામન વિભાગે દ્વારકા જિલ્લાને ૧૫ તારીખે રેડ એલર્ટ જાહેર કર્યો છે. અત્યાર સુધીમાં ૧ હજારથી વધુ લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાયું છે.

હવામાન વિભાગે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં એલર્ટ પણ જાહેર કર્યું છે. હવામાન વિભાગે કચ્છ, દ્વારકા, પોરબંદર, રાજકોટ, જામનગર, જૂનાગઢ, મોરબીમાં એલર્ટ જાહેર કર્યું છે. વાવાઝોડાને લઈ દરિયામાં ૧૬૫ કિમીની ઝડપે પવન ફૂંકાશે. રાત્રીના સમયે દરિયામાં ૧૯૫ કિમીની ઝડપે પવન ફૂંકાશે. રાજ્યના કેટલાક ભાગોમાં વાવાઝોડાના કારણે ભારે નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

હવામાન વિભાગ દ્વારા આગામી ૫ દિવસ ભારે પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદના હવામાન વિભાગના ડિરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે, આ વાવાઝોડાની સંભવિત અસર તરીકે રાજ્યમાં આગામી ૫ દિવસ વરસાદ પડી શકે છે.

સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ભારે પવન સાથે વરસાદ પડવાની સંભાવના છે. રાજ્યમાં થંડરસ્ટ્રોમાં એક્ટિવિટીની અસર પણ રહેશે, જ્યારે અમદાવાદમાં પણ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. અમદાવાદમાં વરસાદી વાતાવરણથી તાપમાન ૨ ડિગ્રી જેટલો ઘટાડો થઈ શકે છે.

વાતાવરણમાં પલ્ટો - ચોમાસાના આગમન અને બીપરજોય વાવાઝોડાના પગલે વાતાવરણ પર અસર ધીમે ધીમે વર્તાતી હોય એમ વાતાવરણમાં ક્યારેક પલ્ટો આવતા વાદળો ઘેરાવા લાગ્યા હતા... સાથે સાંજે સૂસવાટા મારતા પવન પણ ફુંકાયા હતા... પલટાયેલા વાતાવરણની અસર જનજીવન પર વર્તાતી હતી.

પંજાબ સરકારે પેટ્રોલ-ડીઝલ પર વેટમાં ૧૦ ટકા વધારો કર્યો

પંજાબે ઓઇલ પર વધાર્યો વેટ, પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો : પેટ્રોલના ભાવ રૂપિયા ૧૦૦ની આસપાસ પહોંચી ગયા

ચંદીગઢ, તા.૧૧

પંજાબમાં સામાન્ય માણસ પર મોંઘવારીનો બોજ હવે પહેલા કરતા વધુ રહેશે. અહીં આમ આદમી પાર્ટીની ભગવંત માન સરકારે પેટ્રોલિયમ ઉત્પાદનો પર વેલ્યુ એડેડ ટેક્સ (વેટ) વધાર્યો છે. આ સાથે હવે રાજ્યભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ વધારો થયો છે.

નવા દર બાદ પેટ્રોલની કિંમત લગભગ ૧૦૦ રૂપિયા પ્રતિ લીટર સુધી પહોંચી ગઈ છે. પંજાબ સરકારના વેટમાં વધારો કર્યા બાદ હવે પેટ્રોલની કિંમત ૯૮.૬૫ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલની કિંમત ૮૮.૯૫ રૂપિયા પ્રતિ લીટર થશે. આ પેટ્રોલની કિંમત પંજાબના પડોશી રાજ્યો હરિયાણા અને હિમાચલ પ્રદેશ, કેન્દ્રશાસિત પ્રદેશો ચંદીગઢ અને જમ્મુ-કાશ્મીર કરતા વધારે છે. જ્યારે તે રાજસ્થાન કરતાં ઘણું ઓછું છે. પંજાબ સરકારે પેટ્રોલ અને ડીઝલ પર વેટમાં ૧૦ ટકાનો વધારો કર્યો છે. આવી સ્થિતિમાં હવે પેટ્રોલની કિંમત પ્રતિ લીટર ૯૨ પૈસા વધુ થશે. જ્યારે ડીઝલ સામાન્ય માણસને પહેલા કરતા ૮૮ પૈસા પ્રતિ લીટર મોંઘુ પડશે.

WTCમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને ૨૦૯ રનથી હરાવ્યું

ભારતીય ખેલાડીઓનું ખરાબ પ્રદર્શન : કોહલી અને રહાણેની વિકેટ પડ્યા બાદ ભારતીય ટીમના અન્ય ખેલાડીઓની વિકેટ પત્તાની માફક પડવા લાગી

લંડન, તા.૧૧

ઈંગ્લેન્ડમાં ફરી એકવાર ભારતીય ટીમનું વર્લ્ડ ચેમ્પિયન બનવાનું સપનું ચકનાચૂર થઈ ગયું. ઓસ્ટ્રેલિયા ઓવલમાં ભારતીય ટીમને ૨૦૯ રને હરાવીને પ્રથમ વખત ટેસ્ટમાં વર્લ્ડ ચેમ્પિયન બન્યુ છે. આ સાથે, તેઁ ટ્વેંટી ૨૦ અને ટેસ્ટ એટલે કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટમાં વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતનારી પ્રથમ ટીમ બની ગઈ છે. ભારતે અંતિમ દિવસે ૫ વિકેટ બાકી રહેતા ૨૮૦ રન બનાવ્યા હતા, પરંતુ વિરાટ કોહલી અને જાડેજા એક જ ઓવરમાં બોલેન્ડનો શિકાર બન્યા હતા અને તે પછી ભારતીય ક્રિકેટ ટીમનું સપનું ચકનાચૂર થઈ ગયું હતું. છેલ્લી વખત ભારતને ન્યુઝીલેન્ડ દ્વારા ઈંગ્લેન્ડમાં જ હાર મળી હતી.

ઐતિહાસિક ટેસ્ટના ચોથા

દિવસે ભારતીય ટીમે ૩ વિકેટે ૧૬૪ રન બનાવ્યા હતા. અજિંક્ય રહાણે અને વિરાટ કોહલી આજે ફરી રમવા ઉતર્યા હતા. ૫ દિવસની રમત શરૂ થઈ ત્યારે ભારતને ૨૮૦ રનની જરૂર હતી, જ્યારે ઓસ્ટ્રેલિયાએ ૪૪૪ રનનો વિશાળ લક્ષ્યાંક રાખ્યો હતો. છેલ્લા દિવસે સમય પુષ્કળ હતો અને ભારતની ૭ વિકેટ હાથમાં હતી, એવી અપેક્ષા હતી કે ભૂતપૂર્વ કેપ્ટન અને ભૂતપૂર્વ વાઈસ-કેપ્ટન જોડી વિરાટ કોહલી અને રહાણે થોડો કરિશ્મા ખેંચશે, પરંતુ તેમ થયું નહીં.

એમેઝોનના જંગલમાં ચાર બાળકોએ ફૂટ ખાઈને ૪૦ દિવસ જંગલમાં કાઢ્યા

એમેઝોનના જંગલમાં ચાર બાળકો ફસાયેલા હતા : પરિવારે જણાવ્યું હતું કે એમેઝોનના જંગલમાં બાળકો સાબુદાણાનો લોટ અને ફળ ખાઈને જીવિત રહ્યા હતા

બોગોટા, તા.૧૧

કોલંબિયાના એક પ્લેન ક્રેશ બાદ ચાર બાળકો એમેઝોનના જંગલોમાં ફસાયા હતા. ૪૦ દિવસના સર્ચ ઓપરેશન પછી ગાઢ જંગલોમાંથી આ બાળકો જીવતા મળી આવ્યા હતા. લાંબા શોધ અભિયાન પછી આ બાળકો જીવિત મળી આવ્યા છે અને હાલ તેમને સારવાર આપવામાં આવી રહી છે. ૧થી૧૩ વર્ષના આ બાળકો એમેઝોનના જંગલમાં ૪૦ દિવસ સુધી જીવિત કઈ રીતે રહ્યા તે સૌ કોઈ જાણવા માગે છે. જીવતા મળી આવેલા બાળકોની ઉંમર ૧૩ વર્ષ, ૧૧ વર્ષ, ૯ વર્ષ અને એક વર્ષ છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, બાળકોના અંકલે જણાવ્યું કે, "કસાવા એટલે કે સાબુદાણાનો લોટ અને જંગલમાં કેટલાક જાણીતા ફળો ખાઈને તેઓ ૪૦ દિવસ સુધી જીવતા રહ્યા હતા."

બાળકોના અંકલ ફિંડેશિયો વાલેંસિયાએ જણાવ્યું, "વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું ત્યારે તેમણે કાટમાળમાંથી ફરીના (લોટ) શોધી કાઢ્યો અને તેના આધારે જ જીવતા રહ્યા." બોગોટાની એક હોસ્પિટલમાં બાળકોને દાખલ કરવામાં આવ્યા છે અને અહીં તેમને ઓછામાં ઓછા બે અઠવાડિયા સુધી રાખવામાં આવશે. ફરીના સાબુદાણાનો લોટ હોય છે જેને એમેઝોન ક્ષેત્રમાં રહેતા લોકો થાય છે. તેમણે કહ્યું, "ફરીના પૂરું થયા પછી તેમણે બીજ ખાવાનું શરૂ કર્યું હતું."

બાળકોની એક આંટી ડમારિસ મુકુટુયે એક રેડિયો સ્ટેશનને જણાવ્યું કે, ડીહાઈડ્રેશ અને જીવડાએ કરડ્યા હોવા છતાં બાળકોની હાલત સારી છે. ૪૦ દિવસ સુધી સંઘર્ષમય સ્થિતિમાં રહ્યા પછી બાળકોની માનસિક સ્થિતિ પર પણ અસર થઈ હોઈ શકે છે. જેથી તેમને તેની પણ સારવાર આપવાની તૈયારી દર્શાવાઈ છે. કોલંબિયવ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ફેમિલી વેલફેરના પ્રમુખ એસ્ટ્રિજ કારસેસેના જણાવ્યા અનુસાર, બાળકોએ ફૂટ્સ પણ ખાધા હતા. બાળકોના રેસ્ક્યૂ ઓપરેશનના પ્રભારી જનરલ પેડ્રો સાંચેઝે કહ્યું કે, બાળકો ઘણીવાર દેખાયા હતા તેના ૨૦-૫૦ મીટરના વિસ્તારમાંથી બચાવદળ પસાર થયું હતું.

બુનિયાદ ફેમ એક્ટર મંગલ ધિલ્લોનનું અવસાન

મુંબઈ, તા.૧૧

મનોરંજન જગતમાંથી વધુ એક એક્ટરના અવસાનના સમાચાર આવ્યા છે. ફિલ્મ અને ટીવીના પોપ્યુલર એક્ટર મંગલ ધિલ્લોનનું અવસાન થયું છે. મંગલ ધિલ્લોન કેન્સરથી પીડાતા હતા. એક્ટર યશપાલ શર્માએ મંગલ ધિલ્લોનના અવસાનના જાણકારી આપી છે. રિપોર્ટ્સ પ્રમાણે, તેઓ લાંબા સમયથી બીમાર હતા અને એક મહિનાથી હોસ્પિટલમાં તેઓ કેન્સરની સારવાર લઈ રહ્યા હતા. જોકે, તેમની હાલ બગડતી ગઈ અને ૧૧ જૂનના રોજ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

લુધિયાણામાં ફિલ્મી સ્ટાઈલથી માત્ર એક કલાકમાં લૂંટારા ૭ કરોડની લૂંટ ચલાવીને ફરાર

લુધિયાણાના અમન પાર્કની પાસે ઘટના : હથિયારધારી લૂંટારા રોકડ વ્યવસ્થાપન સેવા કંપનીના કાર્યાલયમાંથી મોટી રકમ લૂંટીને ફરાર થઈ ગયા હતા

ચંદીગઢ, તા.૧૧

પંજાબના લુધિયાણામાં ૭ કરોડ રુપિયાની લૂંટ થઈ છે. ફિલ્મી સ્ટાઈલમાં થયેલી આ લૂંટે પોલીસને પણ ચોંકાવી દીધા છે. ન્યૂ રાજગુરુ નગરમાં ઓછામાં ઓછામાં ૧૦ જેટલાં નકાબધારી લૂંટારા આવ્યા હતા અને રોકડ વ્યવસ્થાપન સેવા કંપની સીએમએસ કનેક્ટિંગ કોમર્સના પરિસરમાં લૂંટફાટ કરી હતી. કેશ લૂંટ્યા બાદ લૂંટારાઓ સરળતાથી ફરાર થઈ ગા હતા. બે લૂંટારા સામેના દરવાજાથી અને બાકીના પાછળના દરવાજાથઈ અંદર દાખલ થયા હતા. આ ઘટનામાં એક મહિલા પણ સામેલ હોવાના પણ રિપોર્ટ સામે આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે, આ મહિલા માસ્ટરમાઈન્ડ પણ હોઈ શકે છે, કારણ કે લૂંટના સમયે તે નિર્દેશ આપી રહી હતી.